જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૪૦/૧૭

## ટુ વ્હીલર ચોરી કરનારા એક આરોપીને ચોરીના કુલ-૪ હોન્ડા એક્ટીવા ટુ વ્હીલર વાહનો સાથે પકડી લઈ કુલ-૫ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અ'વાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી.બી.એચ.કોરોટ તથા શ્રી કે.ડી.જાડેજા નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઢોરબજાર ચાર રસ્તાથી આગળ ચેપી રોગ હોસ્પિટલ પાસે દાણીલીમડા પાસેથી આરોપી **(૧) નુરમહંમદ ઉર્ફે મુરઘીS/O અહેમદહુસેન શેખ ઉ.વ.૧૯ રહે.મ.નં.૭ રોનક પાર્ક ,બોમ્બે હોટેલની અંદર નારોલ અમદાવાદ**નાને પકડી તેની પાસેથી એક હોન્ડા એક્ટીવા નંબર વગરની કબજે કરેલ છે જે હોન્ડા એક્ટીવા આ કામના આરોપીએ સિકંદર માર્કેટ છીપા સોસાયટી પાછળ દાણીલીમડા માંથી ચોરી કરેલાનુ જણાવેલ છે અને આ સિવાય આ આરોપીઓની સઘન પુછપરછ કરતા આ આરોપીએ આ એક્ટીવા સિવાય અન્ય બીજા-૩ એક્ટીવા તથા એક મો.સા. અલગ અલગ જ્ગ્યાએથી ચોરી કરેલાની કબુલાત કરતા આ તમામ વાહનો કબજે કરવામાં આવેલ છે અને જે એક્ટીવા તથા મો.સા.ની ચોરી સબંધે નીચે મુજબના અલગ અલગ પોલીસ સ્ટેશનો ખાતે વાહન ચોરીની ફરીયાદ રજી.થયેલ છે.

(૧) દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે કુલ-૪ ગુન્હા દાખલ થયેલ છે.
(૨) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.

આમ કુલ-૫ વાહન ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયેલ છે.

અને આ કામનો આરોપી અગાઉ કોઈ ગુન્હામાં પકડાયેલ નથી અને સદરી આરોપીની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

## ગેરકાયદેસર હથિયાર તથા જીવતા કારતુસ સાથે જુહાપુરા વિસ્તારમાં રહેતા એક ઈસમને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

---------------------------------------------------------------------------------

અમદાવાદ શહેર વિસ્તારમાં ગણેશ ઉત્સવ તેમજ બકરી ઈદના તહેવાર નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારુ ગેરકાયદેસર હથિયારોની તસ્કરી કરતા અસામાજીક તત્વોને શોધી કાઢવા સારું નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓની સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા તથા પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા કે.ડી.જાડેજા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા

દરમ્યાન એ.એસ.આઈ.શ્રી અલીમુદ્દીન હીસામુદ્દીન તથા પોકો.અમીત જીસાહેબ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અલ્તાફ દેખૈયાને એક દેશી બનાવટનો તંમચો તથા તેના બે કારતુસ સાથે અમદાવાદ નારોલ સરખેજ હાઈવે વિશાલા બ્રીજ ગ્યાસપુર રોડના નાકેથી પકડી પાડેલ છે.

ઉપરોક્ત આરોપીની પુછપરછ દરમ્યાન તે **<u>અલ્તાફ S/O અબ્દુલ રહેમાન દેખૈયા ઉ.વ.૨૭ રહે.મ.નં.ઈ/૨૦૩,ગોલ્ડન ફ્લેટ અંબર ટાવરની આગળ જુહાપુરા અમદાવાદ</u>**નો રહેવાસી છે અને તેની પાસેથી મળી આવેલ એક દેશી બનાવટનો તંમચો તથા તેના બે કારતુસ પોતે આ ગુન્હાના વોન્ટેડ આરોપી રવિ રહે. જશુભાઈના ફાર્મ વિશાલા અમદાવાદ પાસેથી ખરીદી લાવેલ છે અને મળી આવેલ હથિયાર બાબતે આરોપીની વધુ પુછપરછ પો.સબ.ઈન્સ. કે.ડી.જાડેજા નાઓ કરી રહેલ છે અને જેમાં હજુ વધુ ગુન્હાના ભેદ ઉકેલાય તેવી શક્યતારહેલ છે અને વોન્ટેડ આરોપીની શોધ ખોળ કરવાની તજવીજ ચાલુ છે. અને સદર પકડાયેલ ઈસમ અગાઉ કોઈ ગુનામાં પકડાયેલ નથી

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬,તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગ અમદાવાદ શહેર તેમજ સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન સાહેબનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.કે.એલ.પટણીનાઓ સાથેના સ્ટાફના પો.કો.ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ, પો.કો.મનોજકુમાર અમુતભાઇ, પો.કો.કમલેશકુમાર હસમુખલાલ, પો.કો.હરપાલસિંહ પવનસંગ તેમજ પો.કો.ભરતકુમાર નાનજીભાઇનાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ના.રા.માં નીકળેલ દરમ્યાન ના.રા.પેટ્રોલીંગ ફરતા ફરતા રાત્રિના ચારેક વાગે દાણીલીમડા પીએન્ડટી કોલોની જાહેર રોડ ઉપર આવતા સદર જગ્યાએ બે કિશોરીઓ રાત્રિના સમયે એકલી જતી હોય અને સદર જગ્યા સુમસામ હોય અને તેઓ સાથે અનીચ્છનીય બનાવ બની જાય તેવી શકયતા રહેલ હોય જેથી તેઓને રોકી લઇ જેઓની પુછપરછ કરતા જેઓના નામ <u>(૧) બંસી ડો/ઓ રાજેશભાઇ પાણ ઉ.વ.૧૭ રહે : શેરી નં.૪ ગ્રીનપાર્ક કોઠારીયા ચોકડી રાજકોટ હાલ રહે : મ.નં.૩ મહાડા કોલોની લાઇન નં.૩ મેરે મસુરી કલાનગર ડોડોરી રોડ નાસિક (મહારાષ્ટ્ર) તથા (૨) ફીઝા ગુલામકાદર અરબાણી ઉ.વ.૧૮ રહે : ભઠી ચોક નુરપાંડીપો જામખંભાળિયા જામનગર</u>નાનુ હોવાનુ જણાવેલ અને જેઓની પુછપરછ કરતા જેઓ ગઇ તા.૨૬/૦૮/૧૭ ના રોજ બપોરના સમયેથી રાજકોટ શહેર પાઠક ગર્લ્સ હોસ્ટેલ ખાતેથી તેમના કબજામાંથી ગેરકાયદેસર રીતે મોબાઇલ મળી આવતા ડરના માર્યા હોસ્ટેલમાંથી કોઇને કાંઇ કહ્યા વગર નીકળી ગયેલ હોય અને તેઓ આત્મહત્યા કરી જીવન ટુંકાવી દેવા સારુ કોઇ અવાવરુ જગ્યાએ જઇ રહેલ હોવાનુ જણાવતા તેઓ સાથે કોઇ અનિચ્છનીય બનાવ ન બને જેથી તકેદારીના પગલા રુપે પોલીસ સ્ટેશન ખાતે લાવી સદરી કિશોરીઓ ગુમ થવા બાબતે રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરાવતા સદરી કિશોરીઓ ગુમ થયેલ હોય જે બાબતે <u>રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુ.ર.નં.૧૩૫/૧૭ ઇપીકો કલમ,૩૬૩,૩૬૬ મુજબ</u>નો ગુનો દાખલ થયેલ હોવાની હકીકત જણાઇ આવેલ હોય જેથી આ બાબતે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી તેમજ સદરી કિશોરીઓના પરિવારજનોને તાત્કાલિક જાણ કરી સદરી કિશોરીઓનો કબજો રાજકોટ પોલીસને સોપી ગુમ થયેલ બે કિશોરીઓને શોધી લઇ આત્મહત્યા કરવા જતા રોકી લઇ કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

**જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાત,છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા ગુનેગારને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા અહેકો રણજીતસિંહ મફતસિંહ બ.નં ૭૭૮૩ નાઓ સાથે સર્વેલન્સ સ્કોડના અપોકો રમેશભાઈ ગોરાભાઈ તથા અપોકો ફીરોજશા મરદાનશા નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અત્રેના પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૫૨/૧૬ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ ના કામનો સીઆરપીસી કલમ ૭૦ મુજબનો નાસતો-ફરતો આરોપી રાકેશ વિનુભાઈ પટેલ ઉ.વ ૩૯ રહે-બી/૧૨, પુલીન સોસાયટી વિભાગ-૩,જુના નરોડા અમદાવાદ શહેર નાને આજરોજ તા:૨૮/૦૮/૧૭ ના ૬:૧૨/૧૦ વાગે પકડી પાડેલ છે.

**સુરક્ષા સેતુ રથ:**

ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.